Plot No. 370/372, G.I.D.C. Industrial Area, Shankar Tekri,
Udyognagar, Jamnagar-361 004. (India).
+91 288-2560002-2560003 +91 94264 92698
jfoaj@yahoo.com www.jamnagarfactoryassociation.com
Scan Me For Android Mobile Application



## અગ્રગણ્ય ઔદ્યોગિક સંસ્થા જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસીએશનના વર્તમાન પ્રમુખશ્રી તથા અગ્રણી વ્યવસાયકાર શ્રી રામજીભાઈ ગઢીયાનો પરિચય

જામનગર શહેરના અગ્રણી વ્યવસાયકાર અને ઉદ્યોગ જગતની અગ્રગણ્ય સંસ્થા જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસીએશનમાં પ્રમુખશ્રી તરીકેનો પાંચમી વાર પદભાર સંભાળતા શ્રી રામજીભાઈ એ. ગઢીયાનો પરિચય નીચે મુજબ છે.

### –: સેવાકીય ક્ષેત્રે: –

(૦) વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૪ દરમ્યાન સતત ચાર ટર્મસ સુધી જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસીએશનમાં પ્રમુખ તરીકે સેવા આપી જામનગરના વ્યાપાર/ઉદ્યોગના સર્વાંગી વિકાસમાં મહત્વનું યોગદાન પ્રદાન કરેલ છે.

(૦) શહેરની અગ્રગણ્ય મહાજન સંસ્થા જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની વર્તમાન કારોબારી સમિતિમાં સભ્યશ્રી તરીકે સેવા આપી રહયા છે તથા છેલ્લા ૨૦ વર્ષથી જામનગર ચેમ્બર સાથે જોડાયેલા છે અને કારોબારી સમિતિમાં વિવિધ પદ પર સેવા આપી ચુક્યા છે.

(૦) જામનગર શહેરની અન્ય ઔદ્યૌગિક સંસ્થા જામનગર બ્રાસ ફાઉન્ડ્રી એસોસીએશનના પ્રમુખ તરીકે સેવા આપી ચુકયા છે.

(૦) સરદાર પટેલ ક્રેડીટ કો–ઓપરેટીવ સોસાયટીમાં ડાયરેકટરશ્રી તરીકે સેવાઓ આપી રહયા છે.

(૦) શ્રી કેશવજી અરજણ લેઉવા પટેલ સેવા સમાજ જામનગરમાં પ્રમુખશ્રી તરીકે સેવા આપી ચુકયા છે.

## –: વ્યવાસાયિક ક્ષેત્રે :–

(૦) તેઓશ્રી ઘનશ્યામ બ્રાસ મોલ્ડીંગ વર્કર્સ તથા સરસ્વતી કાસ્ટ નામથી બ્રાસપાર્ટસ મેન્યુફેકચરીગ, સ્ક્રેપ ટ્રેડીંગ તથા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ છે.

તેઓશ્રીએ અનેક અગ્રગણ્ય સામાજીક/સેવાકીય સંસ્થાઓમાં વિવિધ પદ પર સેવા આપી સંસ્થા તથા તેના સભ્યોનો વિકાસ થાય તે માટે સતત પ્રયત્નો કર્યા છે. કોઈપણ કાર્યને સફળ બનાવવુ હોય તો તેમાં ઉત્સાહ, ધૈર્ય અને કઠીન પરિશ્રમ જરૂરી છે અને આ ત્રણેય ગુણોનો સંગમ પ્રમુખશ્રી રામજીભાઈ એ. ગઢીયાના સ્વભાવમાં જોવા મળેલ છે અને આ ગુણોને લીધે જ સાથીમીત્રોના સહયોગથી તેઓ કઠીન કહી શકાય તેવા ઔદ્યૌગિક વિકાસના કાર્યોને તથા પ્રશ્નોને બહુ સરળતાથી ઉકેલી શકવામાં અને સંસ્થાને સીમાચિન્હ રૂપ સ્થાન આપવામાં સફળ નિવડયા છે.

જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશનના પ્રમુખ પદે પાંચમી વખત નિયુકત થયા બાદ "બ્રાસસીટી" જામનગરના બ્રાસઉધોગના વિકાસને અસરકર્તા જે પ્રાણપ્રશ્નો છે તેના ઉકેલ માટે જીવરેડી કામ કરવાની શ્રી રામજીભાઈ ગઢીયાએ કટીબધ્ધતા દર્શાવી છે.